પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૫૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૧૦-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## 4G એટલે સાઈકલ અને 5G એટલે વિમાન

# હું ગામડે ગામડે ગયો હતો અને લોકોને દીકરીઓને શાળાએ મોકલવા મનાવ્યા હતા : ગુજરાતમાં ૨ લાખ શિક્ષકોની ભરતી કરી : મોદી

ગાંધીનગર,

ગુજતરમાં ચૂંટણી પડઘમ વાગી રહ્યા છે ત્યારે પૂર્વ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર વતનની મુલાકાતે આવી રહ્યા છે. હાલ ગુજરાત પ્રવાસે આવેલા વડાપ્રધાન મોદીએ બુધવારે ગાંધીનગરમાં મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદી સ્કૂલમાં બાળકો સાથે ક્લાસરૂમમાં બેઠેલા જોવા મળ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના લોકાર્પણ દરમિયાન કહ્યું હતું કે, ''હું ગુજરાતના તમામ લોકોને, તમામ શિક્ષકોને અને તમામ યુવા સાથીઓને અભિનંદન આપું છું, હું મારી શુભકામનાઓ પાઠવું છું. આ દરમિયાન



પીએમ મોદીએ કહ્યું કે હવે એજ્યુકેશન સિસ્ટમ સ્માર્ટ બની છે અને ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા સુધરી છે.

આ દરમિયાન એક નિવેદન ચર્ચામાં રહ્યું હતું કે જેમાં વડાપ્રધાન મોદીએ ૫જી અને ૪જી વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો અને કહ્યું કે જો ૪જી સાયકલ છે, તો ૫જી એ એરપ્લેન છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનું લોકાર્પણ કર્યા બાદ પીએમ મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. ૨૦ વર્ષ પહેલા ૧૦૦માંથી ૨૦ બાળકો શાળાએ જતા ન હતા. એટલે કે, પાંચમો ભાગ શિક્ષણથી વંચિત હતો. શાળાએ ગયેલા ઘણા બાળકોએ આઠમા ધોરણમાં પહોંચતાની સાથે જ શાળા છોડી દેતા હતા. દીકરીઓની હાલત ખરાબ હતી એ પણ કમનસીબી હતી. પહેલા છોકરીઓને શાળાએ મોકલવામાં આવતી ન હતી.

તેમણે કહ્યું કે હતું કે મુખ્યમંત્રી તરીકે હું પોતે ગામડે ગામડે ગયો અને તમામ લોકોને વિનંતી કરી કે તેઓ તેમની દીકરીઓને શાળાએ મોકલે. પરિણામ એ આવ્યું કે આજે ગુજરાતમાં લગભગ દરેક પુત્ર-પુત્રી શાળાએ પહોંચવા લાગ્યા છે. શાળા પછી તેમણે કોલેજ પણ જવાનું શરૂ કર્યું છે. ગુજરાતમાં સૌપ્રથમ વખત, અમે શિક્ષક તાલીમ યુનિવર્સિટી, શિક્ષક શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી હતી.

મોદીએ કહ્યું હતું કે આજે ગુજરાત અમૃત કાલની અમૃત પેઢીના નિર્માણની દિશામાં એક મોટું પગલું ભરી રહ્યું છે. વિકસિત ભારત માટે આ એક વિકસિત ગુજરાતના નિર્માણની દિશામાં એક સીમાચિહ્ન સાબિત થવા જઈ રહ્યું છે. આપણે ૧ જી થી ૪જી સુધી ઈન્ટરનેટની સેવાઓનો ઉપયોગ કર્યો છે. હવે ૫જી દેશમાં મોટું પરિવર્તન લાવવા જઈ રહ્યું છે. આજે ૫જી સ્માર્ટ સુવિધાઓ, સ્માર્ટ ક્લાસરૂમ્સ, સ્માર્ટ ટીચિંગથી આગળ વધીને આપણી એજ્યુકેશન સિસ્ટમને આગલા સ્તર પર લઈ જશે. હવે શાળાઓમાં પણ વર્ચ્યુઅલ રિયાલિટી, ઈન્ટરનેટ ઓફ થિંગ્સની શક્તિનો અનુભવ થઈ શકશે. બે દાયકામાં ગુજરાતની જનતાએ તેમના રાજ્યની શિક્ષણની કાયાપલટ કરી બતાવી છે. આ બે દાયકામાં ગુજરાતમાં ૧.૨૫ લાખથી વધુ નવા વર્ગખંડો બનાવવામાં આવ્યા છે, બે લાખથી વધુ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે કંઈક અલગ કરવું એ ગુજરાતના ડીએનએમાં છે, નવી શિક્ષણનીતિ ગુલામીની માનસિકતાથી બહાર કાઢી નવું જ્ઞાન આપશે. આજે ગુજરાત અમૃતકાળની અમૃત પેઢીનું નિર્માણ તરફ એક મોટું કદમ ઉઠાવી રહી છે ૨૦ વર્ષ પહેલાં ગુજરાતમાં ૧૦૦માંથી ૨૦ ટકા બાળકો સ્કૂલ જ જતા નહોતા, વિદ્યાર્થીઓ ધોરણ ૮મા સુધી માંડ માંડ ભણતા. આપણે શિક્ષા ગુણવત્તા પર સૌથી વધારે બળ આપ્યું, બે લાખથી વધુ શિક્ષકોની ભરતી કરાઈ, બે દસકામાં સવા લાખથી વધુ ક્લાસરુમ બન્યાં, આપણે બે દસકામાં ગુજરાતના લોકોએ શિક્ષણની કાયા પલટ કરી નાંખી છે. એક દસકા પહેલાં ગુજરાતના ૧૫ હજાર સ્કૂલોમાં ટીવી પહોંચી ગયા હતા. નવી શિક્ષણનીતિનો ગુજરાતમાં અમલ થતો દેખાય છે નવી શિક્ષણનીતિ ગુલામીની માનસિકતાથી બહાર કાઢી નવું જ્ઞાન આપશે પહેલાં ગુજરાતની ઓળખ એક વેપારીની હતીહવે ગુજરાતની ઓળખ મેન્યુફેક્ચરિંગથી થાય છે એક સમયે વિશ્વની સૌથી મોટી લાયબ્રેરી ભારતમાં હતી પહેલીવાર હું આદિવાસી વિસ્તારમાં ગયો ત્યારે મેં કહ્યું હું ભિક્ષા માંગવા આવ્યો છું, મને તમારા બાળકો આપો અને હું આંગળી પકડીને સ્કૂલ લઈ ગયો.ખેલમહાકુંભનું આયોજન પણ ગુજરાતે શરૂ કર્યું હતું. રાષ્ટ્રીય ખેલ મહોત્સવ ગુજરાતમાં થયો, હું ખેલાડીઓ અને કોચના સંપર્કમાં રહું છું, એ મને શુભેચ્છાઓ આપે છે. પણ આનો શ્રેય ગુજરાત સરકારને જાય છે.આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રત,મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ,શિક્ષણ મંત્રી સહિત કેબિનેટના મંત્રીઓ અને ભાજપના હોદેદારો હાજર રહ્યાં હતાં.

# ગોધરાના વાવડી (બુ)ના સર્વે નં.૨૫૭ વાળી ખેતીની જમીન વેચાણ પેટે નાણાં લઈ બાનાખત કરી દસ્તાવેજ નહિ કરી આપી મારી નાખવાની ધમકી અને છેતરપિંડી કરતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા વાવડી (બુ)ના સર્વે નં.૨૫૭ વાળી ખેતીની જમીન આવેલ હોય આરોપીઓએ ભેગા મળી ફરીયાદી પાસેની વેચાણ પેટેના નાણાં લઈ નોટરી બાનાખત કરી આપી જમીનના દસ્તાવેજ કરી આપવા બાબતે આરોપીઓને કહેતા મારી નાખવાની ધમકી આપી તેમજ જમીન પેટે નાણાં લઈ વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા વાવડી (બુ) ગામના રે.ખાતા નં.૭૮ના રે.સર્વે નં.૨૫૭ વાળી ખેતીની જમીન આવેલ હોય આ જમીન વેચાણ માટે આરોપીઓ ઉત્તમસિંહ ભીમસિંહ પરમાર, ઈલાબેન અજીતસિંહ પરમાર, પાયલબેન અજીતસિંહ પરમાર, મિલનબેન અજીતસિંહ, ધનરાજસિંહ અજીતસિંહ પરમાર (તમામ રહે. વાવડી બુર્ઝ) ફરિયાદી જયોતિકાબેન દિક્ષિતકુમાર પટેલ પાસેની જમીન વેચાણ પેટેના નાણાં લીધા હતા અને જયોતિકાબેનને નોટરી બાનાખત કરી આપ્યા બાદ દસ્તાવેજ કરી આપવામાં આનાકાની કરતાં જયોતિકાબેનએ ઉત્તમસિંહ પરમારને દસ્તાવેજ કરી આપવા બાબતે કહેવા જતાં ગાળો આપી જાન થી મારી નાખવાની ધમકી આપી હતી અને જયોતિકાબેન પાસેથી જમીન પેટે નાણાં લઈ છેતરપિંડી વિશ્વાસઘાત કરતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## ગોધરા જીલ્લા સિંચાઈ તળાવો મત્સ્યોદ્યોગ માટે ઉપર આપવા અંગેની જાહેર નોટીસ

ગોધરા જીલ્લામાં આવેલ ગોધરા કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના ૧૦ થી ૨૦૦ હેક્ટર (એફ.આર.એલ) જળ વિસ્તાર ધરાવતા નીચે જણાવેલ સિંચાઈ તળાવો મત્સ્યોદ્યોગ પ્રવૃતિનાં વિકાસ માટે તા.૨૫-૨-૨૦૦૪ની ઈજારાનીતિ મુજબ મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ હાથ ધરવા માટે તા.૦૧-૦૮-૨૦૨૨ થી તા.૩૧-૦૫-૨૦૨૨ સુધી પ્રથમ પાંચ વર્ષ માટે ઈજારા ઉપર આપવાનાં હોવાથી ટેન્ડર મેળવીને કાર્યવાહી કરવાની રહે છે. જે માટે નીચેના સિંચાઈ તળાવના માંગણીદારોને કોરા ટેન્ડર ફોર્મ મત્સ્યોદ્યોગ ખાતાની જિલ્લા કચેરીઓમાંથી નિયત ટેન્ડર ફી ચૂકવીને ફોટો ઓળખપત્ર/આધારકાર્ડની નકલ સાથે રાખી તા.૧૪.૧૧.૨૦૨૨ સુધી સરકારી જાહેર રજાના દિવસો સિવાયના દિવસો દરમ્યાન ૧૧.૦૦ થી ૧૭.૦૦ સુધીમાં મેળવી શકાશે.

(૧) આંતરદેશીય મત્સ્યાદ્યોગ જળાશય ઈજારાનિતી ૨૫-૨-૨૦૦૪નો ભંગ કરેલ ન હોય તેવી સ્થાનિક આદિવાસી મત્સ્યોદ્યોગ સહ. મંડળી/મંડળ/સંઘ/મત્સ્યોદ્યોગ સ્વ-સહાય જુથ/વ્યક્તિગત આદિવાસી લાભાર્થી પૈકી લાયકાત ધરાવતાં માંગણીદારને સ્પાર્ધાત્મક ટેન્ડરે દ્વારા સૌથી ઊંચી કીમતે ઈજારો આપવામાં આવશે. જે સિંચાઈ તળાવો માટે સ્પર્ધાત્મક ધોરણે ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૨) નીચેના સિંચાઈ તળાવો માટે માંગણીદારોએ ઓફર કિંમતના ૧૦% રકમનો અર્નેસ્ટ મનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેન્કનો "Superintendent of Fisheries, Godhara"ના નામનો અરજી સાથે બીડવાનો રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ બીડેલ ન હોય તે ટેન્ડર માન્ય રહેશે નહી.

(૩) સરકારી લેણુ બાકી હોય, ડીફોલ્ટર હોય તેવા તમામ વ્યકિતગત/મત્સ્યોદ્યોગ મંડળી/સંઘ/મત્સ્યોદ્યોગ જુથને ઈજારો મળી શકશે નહી. સરકારી લેણું બાકી હોય તો તેમને ટેન્ડર ભરતા પહેલા જે-તે રાથાનિક ક્ચેરીમાં બાકી રકમ ભર્યા બાદ જ ટેન્ડર ભરવાનું રહેશે. અને નાણાં ભર્યાની વિગતોની નકલ ટેન્ડર સાથે બીડવાની રહેશે. "વ્યક્તિગત/મત્સ્યોદ્યોગ મંડળી/સંઘ/મત્સ્યોદ્યોગ જુથ/સંસ્થાએ તેઓની પાસે કોઈપણ પ્રકારનું સરકારી લેણું બાકી નથી" તે અંગે સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ સોગંધનામું અસલમાં ટેન્ડર સાથે ફરજીયાત જોડવાનું રહેશે "તેમજ ટેન્ડર સાથે જોડેલ તમામ પ્રમાણપત્રો તેમજ ઓળખ કાર્ડ સ્વ-પ્રમાણિત/પ્રતિ સહીથી રજુ કરવાના રહેશે. અન્યથા ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૪) મત્સ્યો.સહ.મંડળી/સંઘે વ્યવસ્થાપક કમિટીના ઠરાવ સાથે અરજી કરવાની રહેશે. તેમજ છેલ્લો ઓડીટ રીપોર્ટ સામેલ રાખવાનો રહેશે. મત્સ્યો.સહ.મંડળી/સંઘ ST/SC સભાસદો ધરાવતાં હોય તો તેની માહિતી પણ બીડવાની રહેશે.

(૫) ટેન્ડરના બંધ કવર ઉપર "................ સિંચાઈ તળાવનાં ઈજારા માટેનું ટેન્ડર" એમ મોટા અક્ષરે સ્પષ્ટ લખવાનું રહેશે. (ખાલી જગ્યામાં સિંચાઈ તળાવનું નામ લખવાનું રહેશે).

(૬) માંગણીદારોએ ભરેલ ટેન્ડર તા.૧૯-૧૧-૨૦૨૨ રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં, રજી.એડી.પોસ્ટ./સ્પીડ પોસ્ટ દ્વારા જ મત્સ્યોદ્યોગ અધિક્ષકની કચેરી, મત્સ્યોદ્યોગ ખાતું (ગુજરાત રાજય), આઈ.ટી.આઈ.ની પાછળ, દાહોદ રોડ, ગોધરા, જી.પંચમહાલ-૩૮૯૦૦૧ને મળે તે રીતે મોકલી આપવાનું રહેશે. અરજી રૂબરૂ કે આંગડીયા મારફત સ્વીકારવામાં આવશે નહી.

(૭) સમયમર્યાદામાં મળેલ ટેન્ડરો તા.૨૪-૧૧-૨૦૨૨ના રોજ ૧૨.૦૦ કલાકે હાજર રહેલ પાર્ટીઓની હાજરીમાં નિયત કરેલ કમિટી દ્વારા ખોલવામાં આવશે.

(૮) ભરેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં પરત ખેંચી શકાશે નહી. નીચે દર્શાવેલ બંને સિંચાઈ તળાવોની સ્થળ ખાઈ અરજદારે કરવાની રહેશે. ટેન્ડર ભર્યા બાદ કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે.

(૯) સિંચાઈ તળાવને ઈજારે આપવાની પ્રક્રિયામાં આવેલ ટેન્ડરો માન્ય કે અમાન્ય કરવાનો આખરી નિર્ણય મત્સ્યોદ્યોગ અધિક્ષક, ગોધરાનો અબાધિત રહેશે. પાછળથી કોઈ દાદ કે ફરિયાદ ચાલશે નહિ. અપસેટ કિંમતમાં કોઈ ફેરફાર થશે તો માંગણીદારોને તે બંધનકર્તા રહેશે.

| અં.નં. | સિંચાઈ તળાવનું નામ | એફ.આર. એલ.(હે.) | તાલુકો | અરસકારક જળવિસ્તાર(હે.) | અપસેટ કિંમત (રૂપિયા) | જાહેરાત પ્રયત્ન | ટેનડર ફી (રૂ.માં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુણેલી | ૯૬.૦૦ | શહેરા | ૯૦.૪૪ | ૩૫,૩૧૧/- | બીજો | ૬૦૦/- |
| ૨ | રત્નેશ્વર | ૧૪૫.૦૦ | શહેરા | ૯૯.૮૦ | ૩૮,૭૨૭/- | પ્રયત્ન | ૬૦૦/- |

સહી
(એલ.કે. મેઘાતર)
માત્સ્યોદ્યોગ અધિક્ષક
ગોધરા


માહિતી/ગોધરા/૬૬૯/૨૦૨૨

## ગોધરા ચિલ્ડ્રન હોમ માંથી સગીર છોકરાનું અપહરણ કરી જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા ચિલ્ડ્રન હોમ માંથી સગીર વયના છોકરાને કોઈ અજાણ્યા ઈસમો કેમ્પસમાં ફરજ બજાવતા કર્મચારીઓ તેમજ સ્ટાફની નજર ચુકવીને અપહરણ કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા ચિલ્ડ્રન હોમમાં રહેલા સગીર સુભાન ઈસદાર કુરેશી (રહે. સીલમપુર, ચાંદબાવળ પુલીયા ગલી-૩ ન્યુ દિલ્હીની ૧૮ ઓકટોમ્બરના રોજ અજાણ્યા ઈસમો અપહરણ કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલના મધવાસ-શામળદેવીના તલાટી પોતાને કીંગ ગણાવી તાલુકા પંચાયત કચેરીમાં પત્રકાર સાથે હાથાપાઈ ઉપર ઉતર્યા



- મધવાસ-શામળદેવીના તલાટી રાજકીય વગને લઈ કીંગ જેવી છાપ ઉભી કરવા માંગે છે.
- સરકારી અધિકારી પોતાનું ભાન ભુલી પત્રકાર સાથે હાથપાઈ પર ઉતર્યા.
- ખાનગી ઓફીસ ચલાવતા તલાટી હવે ભાઈગીરી પર ઉતર્યા.
- ફરજ સેજા ઉપર હાજર નહિ રહેતા તલાટી સામે TDO દ્વારા ખાતાકીય પગલાં લેવાશે ખરાં...?

ગોધરા,

કાલોલ તાલુકાના મધવાસ અને શામળદેવી ગ્રામ પંચાયતના તલાટી કચેરીમાં હાજર નહિ રહીને તાલુકા પંચાયત કચેરી સામે ખાનગી ઓફિસ ખોલીને પંચાયતનો વહીવટ ચલાવતા હોવા અંગેના અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવતાં તલાટીએ પોતાની પોલ ખુલ્લી પડી જતાં પત્રકાર ઉપર કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં હાથાપાઈ કરી પત્રકારને દબાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ત્યારે આવા ઉદ્ધતન તલાટી સામે તાલુકા વિકાસ અધિકારી કાર્યવાહી કરે તે જરૂરી છે.

કાલોલ તાલુકાના મધવાસ અને શામળદેવી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા એસ.એસ.ઠાકોર પોતાના સેજાની પંચાયતોમાં હાજર રહેતા નથી અને પંચાયત કચેરીમાં હાજરી આપવાના સ્થાને કાલોલ તાલુકા પંચાયત કચેરી સામે ખાનગી ઓફિસ ખોલીને ગ્રામ પંચાયતનો વહીવટ ચલાવી રહ્યા હોય ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી ગેરહાજર રહેતા બન્ને ગામના અરજદારોને તલાટીના કામ માટે અટવાઈ રહ્યા હોય તેમજ ભાડા ખર્ચીને કાલોલ સુધી લાંબા થવું પડતું હોય ત્યારે ગ્રામજનોની સમસ્યાને લઈને તલાટી એસ.એસ.ઠાકોરની પ્રાઈવેટ ઓફિસ ચલાવતા હોવાનો અહેવાલ સ્થાનિક દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તલાટી વિરૂદ્ધ અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં તલાટીની પોલ જનતા અને વહીવટી તંત્રમાં ખુલ્લી પડી જતાં ઉશ્કેરાઈ ગયા હતા અને દૈનિક અખબારના પ્રતિનિધી સાથે આજરોજ કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં ખુલ્લેઆમ હાથાપાઈ ઉપર ઉતરી આવ્યા હતા. તલાટી જાહેરમાં કહેતા જોવા મળ્યા કે, હું કાલોલનો કીંગ છું. તે મારી પ્રાઈવેટ પ્રોપર્ટીનો વિડીયો કેમ બતાર્યો તેમ કહીને સરકારી કર્મચારી નહીં તે ભાઈ જેવા સ્વરૂપમાં આવી ગયા હતા. કાલોલ તાલુકાના ગ્રામ પંચાયતના સેજા ઉપર હાજર નહિ કરીને ખાનગી ઓફિસ ખોલીને વહીવટ ચલાવતા આવા તલાટી કમ મંત્રી સામે તાલુકા વિકાસ અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં નહિ આવી હોય તેવા પણ પ્રશ્નો ઉભા થયા છે. મધવાસ-શામળદેવી પંચાયતના તલાટી દ્વારા તાલુકા પંચાયત કચેરીમાં પત્રકાર સાથે હાથાપાઈ અને ઉદ્ધતાઈ કરવામાં આવી હોય તેવા તલાટી સામે કાલોલ TDO કાર્યવાહી કરી તેમની સામે ખાતાકીય તપાસ કરાવશે કે પછી આવા કર્મચારીને છાવરવામાં આવશે. તે જોવું રહ્યું.

# કડાણા તાલુકામાં આદિવાસીના દાખલાના પ્રશ્ને નિકાલ ન આવે તો ચુંટણી બહિષ્કારની ચિમકી



મલેકપુર,

કડાણા તાલુકામાં દાખલા મુદ્દે આદિવસીઓની હાકલ આગામી બીજા ૫ દિવસમાં દાખલા બાબતે કોઈ નિકાલ નહિ આવેતો આવનાર દિવસોમાં અન્ય જીલ્લામાં જતું મહીસાગરનું પાણી સ્થગિત કરવા સાથે ચૂંટણી બહિષ્કારની તૈયારીઓ બતાવવામાં આવી. કડાણા તાલુકામાં આદિવાસીઓને ૫ દિવસમાં દાખલા ન મળેતો આગામી દિવસોમાં આદિવાસી સમાજ દ્વારા આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારતું આવેદન પત્ર ગત મંગળવારે જીલ્લા અને સ્થાનિક તંત્રને આપવામાં આવ્યું હતું. જે વાતને ૫ દિવસ પૂર્ણ થતાં કડાણા તાલુકાના મુખ્ય મંથક દિવડા કોલોની ખાતે આદિવાસી સમાજના લોકો દ્વારા સોમવાર થી આંદોલનની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે દાખલા મુદ્દે જેમ જેમ નિર્ણયમાં વિલંબ જોવા મળી રહ્યો છે. તેમ તેમ આદિવાસી સમાજમાં રોષ વધી રહ્યો છે. મંગળવારે આંદોલનના બીજા દિવસે મોટી સંખ્યામાં ધરણા પર બેસેલા આદિવાસી સમાજ દ્વારા હાકલ કરી હતી કે, હજી પણ આવનાર બે દિવસમાં સરકાર અને તંત્ર દ્વારા કોઈ નિર્ણય નહિ લેવામાં આવે તો આગામી સમયમાં આવનાર ચૂંટણી બહિષ્કાર સહીત મહીસાગર માંથી અન્ય તાલુકા અને જીલ્લામાં જતા પાણી ઉપર રોક લગાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી દીવડા કોલોની મેદાન ઉપરથી કરવામાં આવી હતી. તદ્દઉપરાંત જ્યાં સુધી દાખલા બાબતે કોઈ નિકાલ નહિ આવે ત્યાં સુધી કડાણા તાલુકામાં કોઈપણ સરકારી કે રાજકીય સમારોહમાં આદિવાસી સમાજની હાજરી જોવા નહિ મળે તેવી પણ ચીમકી ઉંચારવામાં આવી છે. ત્યારે કડાણા તાલુકાના તમામ પક્ષના આદિવાસી સમાજના નેતાઓ એકસાથે એક મંચ ઉપર બેસી દાખલાની માંગણીને લઈ વિરોધ નોંધાવી રહ્યા છે. ત્યારે શાંત માહોલમાં શરૂ કરવામાં આવેલ આ આંદોલન અંગે કોઈ નિર્ણય નહિ આવે તો આદિવાસી સમાજ ઉગ્ર આંદોલન તરફ પ્રયાણ કરશે અને આ સમયે કોઈ અઘટિત ઘટના બને તેની સગળી જવાબદારી સરકાર અને તંત્રના શિરે રહશે. ત્યારે પાછલા બે દિવસ થી દીવડા કોલોની મેદાન આદિવસીઓની જનમેદનીથી ઉભરાય રહ્યું છે. ત્યારે આ મુદ્દાને લઈ તાલુકાના અન્ય સમાજમાં પણ દાખલો ચર્ચાનો વિષય બની ગયો છે. જોકે, બે દિવસથી મોટી સંખ્યામાં આદિવાસી સમાજ દ્વારા શાંતિના માહોલમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ત્યારે સૌ કોઈએ આ બાબતે ત્વરિત નિકાલ આવે તેવી આશાઓ પણ વ્યક્ત કરી હતી.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.52

આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ડબલ એન્જિન સરકાર
સપના સાકાર



માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીની
પ્રેરક ઉપસ્થિતિમાં



## સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા હાઇવે કોરિડોરની કામગીરીના શુભારંભ સહિત રૂ.૨૧૯૨ કરોડથી વધુ રકમનાં જનહિતલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ

૨૦ ઓક્ટોબર, ૨૦૨૨ બપોરે ૦૨:૦૦ વાગે ગામ - ગુણસદા, તા. સોનગઢ, જિ. તાપી

**સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા - ડાંગ, તાપી તથા નર્મદા જિલ્લામાંથી પસાર થતા ૨૩૭ કિમી લંબાઈના હાઇવે કોરિડોર માટે રૂ.૧૬૬૯.૮૦ કરોડની કામગીરીના શુભારંભ અને તે પૈકીના ફેઝ-૧ હેઠળના કુલ ૯૨.૫૦ કિમી લંબાઈના ૬ રસ્તાઓને રૂ.૨૧૯.૧૭ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળા કરવાનાં કામોનું ખાતમુહૂર્ત**

### પ્રકલ્પની ઉપયોગિતા

આ રસ્તો ૧૦ મીટર પહોળો કરવાથી સાપુતારા અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા નવા હાઇવે કોરિડોરથી વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ થશે, તેમજ ગુજરાતના આદિજાતિ વિસ્તારમાં આવેલા સાપુતારા, શબરીધામ, ઉકાઇડેમ, દેવમોગરા, ઝરવાણી ધોધ વિગેરે સ્થળો પ્રવાસન ઉદ્યોગના વિકાસનાં કારણે તેના લાભો આ વિસ્તારના નાગરિકોને મળશે તથા મહારાષ્ટ્ર રાજ્યની સરહદ પર આવેલા ગામો સાથે સંપર્ક વધશે.




### માર્ગ અને મકાન વિભાગના જનહિતલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત

| | | |
|---|---|---|
| • ટાંકની પાટલામહુ રોડ જિ. નર્મદા | લંબાઇ ૧.૫૦ કિમી | રૂ. ૨.૨૩ કરોડ |
| • પાટલામહુ ખડકીમહુ બોરદા રોડ જિ. નર્મદા | લંબાઇ ૬.૭૦ કિમી | રૂ. ૨૧.૩૨ કરોડ |
| • બોરદા સાતકાશી શેરૂલા રોડ જિ. તાપી | લંબાઇ ૨૯.૫ કિમી | રૂ. ૪૫.૪૨ કરોડ |
| • શેરૂલા ઉકાઇ સોનગઢ રોડ જિ. તાપી | લંબાઇ ૧૫.૭૦ કિમી | રૂ. ૪૨.૪૭ કરોડ |
| • ટોકરવા ચીમકુવા મેઢા ચીમેર ખપાટીયા રોડ જિ. તાપી | લંબાઇ ૩૧.૧૦ કિમી | રૂ. ૮૭.૮૭ કરોડ |
| • ખપાટીયા જંકશન થી સુબીર રોડ જિ. ડાંગ | લંબાઇ ૮.૦૦ કિમી | રૂ. ૧૯.૮૬ કરોડ |


### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના જનહિતલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત


પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા યોજના હેઠળ નર્મદા જિલ્લાના ૧ અને તાપી જિલ્લાના ૩ કામોનું ખાતમુહૂર્ત — રૂ. ૩૦૨.૪૬ કરોડ

### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ખાતમુહૂર્ત અને લોકાર્પણ હેઠળના કામો


ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકના ૬ કામોનું ખાતમુહૂર્ત અને ૫ કામોનું લોકાર્પણ — રૂ. ૨૨૦.૫૭ કરોડ

**રૂ.૨૧૯૨ કરોડથી વધુ રકમના જનહિતલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણનો સુવર્ણ અવસર**

સ્ટેચ્યુ ઓફ યુનિટી


દેવમોગરા


શબરીધામ


સાપુતારા


आज़ादी का अमृत महोत्सव

# સુસ્વાગતમ્

## મિશન LiFEનું વૈશ્વિક લોન્ચ

### સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર ખાતે



ભારતના માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્ર મોદીના

વરદ્હસ્તે વૈશ્વિક કક્ષાએ લોન્ચ થશે

GLOBAL LAUNCH OF
MISSION
**LiFE**
Lifestyle for Environment

તારીખ: 20 ઑક્ટોબર, 2022
સમય: 9:45 થી 11:45 સુધી
સ્થળ: સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી એન્ટોનિયો ગુટેરેસ**
માનનીય મહાસચિવ, સંયુક્ત રાષ્ટ્ર

**શ્રી ભૂપેન્દ્ર પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**ડૉ. એસ. જયશંકર**
માનનીય કેન્દ્રીય વિદેશ મંત્રી

## પર્યાવરણના સંરક્ષણ અને જતન માટેના આ અભિયાનમાં જોડાશે 1 અબજ લોકો

ચાલો નવી શરૂઆત કરીએ:

- પ્લાસ્ટિક બેગ્સને બદલે કાપડની થેલીઓનો ઉપયોગ કરીએ
- ટ્રાફિક સિગ્નલ પર એન્જિન બંધ કરીએ
- લીક થઇ રહેલા નળ કે પાઇપને ઠીક કરીએ
- અન્નનો આદર કરીએ

**LiFE Senani બનો, LiFE અંગે પ્રતિજ્ઞા લો, અભિયાન સાથે આજે જ જોડાઓ**

@NITIAayog | NITIAayog | NITIAayog | જુઓ દૂરદર્શન પર pmindiawebcast.nic.in | 20 ઑક્ટોબર 2022 સવારે 9:45 થી 11:45

આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Mission Schools of Excellence

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદી

દ્વારા



ગુજરાતની તમામ સરકારી શાળાઓ
માટેનાં



શ્રેષ્ઠ થી સર્વશ્રેષ્ઠ

# મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ

દેશનું સૌથી મોટું શાળાકીય શિક્ષણ મિશન

અંતર્ગત

## રૂ. 10,000 કરોડના શાળાકીય શિક્ષણ મિશનના વિધિવત શુભારંભ બદલ ગુજરાત સરકાર માનનીય વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરે છે.

- તમામ **40,000 સરકારી શાળાઓ**નું સશક્તિકરણ
- તે પૈકી **20,000 શાળાઓ** બનશે **અમૃત વિદ્યાલય**
- શાળાઓમાં **વિશ્વકક્ષાની માળખાકીય સુવિધાઓ**
- **1.5 લાખ સ્માર્ટ ક્લાસરૂમ**
- **20,000 કોમ્પ્યુટર લેબ્સ**
  **5,000 STEM લેબ્સ**
- તમામ વિદ્યાર્થીઓને લાભ
- ગુણોત્સવ 2.0 અંતર્ગત **શાળાઓનું એક્રેડીટેશન**
- **એક્સેલન્સ** અભ્યાસક્રમ, ધો.1થી **અંગ્રેજી** વિષય અને ધો.6થી **દ્વિ-ભાષિય** શિક્ષણ
- ધોરણ દીઠ શિક્ષક, ધોરણ દીઠ વર્ગખંડ
- **રૂ.5,567 કરોડના કાર્યોનો શુભારંભ**

**શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક)**
**ગુજરાત સરકાર**